જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૨/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૯૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૯૧ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૦૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૯૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૯૨/૨૦૨૬**

શાહીબાગઃ સુનિલભાઇ દિનેશચંદ્ર પટેલ (ઉ.વ.૬૭)(રહે.નિલકંઠ રેસીડેન્સી, નારણપુરા ક્રોસિંગ પાસે, નારણપુરા) એ તા.૦૭/૨/૨૦૨૬ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૨/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન શાહીબાગ પોસ્ટ ઓફીસ પાછળ અલંકાર સોસાયટી બંગલા નંબર–૮ ખાતેના પોતાના મકાનના દરવાજાના તાળા અને નકુચા તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી પિત્તળના વાસણો કુલ કિંમત રૂપિયા ૭૫,૦૦૦/– ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૯૩/૨૦૨૬**

ઓઢવઃ ચિરાગ સ/ઓ અશ્વિનભાઇ પટેલ (ઉ.વ.૨૭)(રહે.સિધ્ધી હોમ્સ સોસાયટી, ભોજલધામ રેસીડેન્સી સામે, એસ.પી.રીંગ રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૨/૨૦૨૬ સાંજના ૬/૩૦ થી રાતના ૮/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ એસ.પી.રીંગ રોડ એચ.પી.પેટ્રોલ પંપ સામે આવેલ કલ્પ બિઝનેશ પાર્ક કોમ્પલેક્ષના ત્રીજા માળે દુકાન નંબર–૩૨૨ ખાતે આવેલ “પટેલ એશોશિયેટ્સ” નામની દુકાનમાં પોતાની જાતે દોરડા વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઈ જગમાલભાઈ ચલાવે છે.

દાણીલીમડાઃ શાકીર નાસીરહુસેન શેખ (ઉ.વ.૨૫)(રહે.મીરાનગર–૧, ગુડલક બેરલ માર્કેટ અંદર, બેરલમાર્કેટ, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૨/૨૦૨૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનોદભાઇ સેંધાભાઇ ચલાવે છે.

નારોલઃ ટીકુકુમાર રામસુભગ સિંહ (ઉ.વ.૩૦)(રહે.સેલુભાઈની ચાલી, શક્તીનગર પાસે, સૈજપુર ગોપાલપુર નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૨/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિક્રમભાઈ અર્જુનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી